## મુદ્દા નં. ૧૪
## મીઠા ઉધોગ માટે જમીન ભાડાપટ્ટે મેળવવા અંગે

૧. જોગવાઈ : સરકારશ્રીના તારીખઃ ૧૦/૧૦/૨૦૦૦ના ઠરાવ ક્રમાંકઃ:મઠજ /૧૫૯૭/૧૩૭૨/ક અન્વયે મીઠા ઉધોગ માટે દસ વર્ષના ભાડાપટ્ટે જમીનો આપવાની જોગવાઈ કરેલ છે.

૨. પાત્રતાઃ
૧. સહકારી મંડળી કે કંપની જે તે કાયદા હેઠળ નોંધાયેલી હોવી જરૂરી.
૨. સોલ્ટ કમિશનરશ્રીનું મીઠા ઉત્પાદન માટે લાયસન્સ મેળવેલ હોવું જરૂરી
૩. પછાત વર્ગના વ્યકિતગત અરજદારના કિસ્સામાં સક્ષમ અધિકારીશ્રીનું જાતી અંગેનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.

૩. અરજી કોને કરવી : કલેકટરશ્રીને, પરિશિષ્ટ–૧/૧૪ મુજબ

૪. નિકાલ માટેના સત્તાધિકારી : કલેકટરશ્રી / સરકારશ્રી ૧૪૦ હેકટર સુધી જમીન ભાડાપટ્ટે આપવાની કલેકટરશ્રીને તેથી વધુ ક્ષેત્રફળવાળી જમીન અંગે સરકારશ્રીને

૫. પ્રોસેસ ફી : રૂા.૫૦/– પ્રતિ હેકટર અરજદાર જેટલા હેકટર જમીન મેળવવા માંગતા હોય તે મુજબ હેકટર દીઠ રૂા.૫૦/– લેખે થતી રકમ 'એસ અનામત અને પેશગીઓ–મહેસુલી અનામતો' સદરે જમા કરાવવી. આ રકમ નોન રીફંડેબલ છે.

૬. જમીન મેળવવાનો અગ્રતાક્રમ : **<u>(અ) સહકારી મંડળીઓ</u>**
(૧) અગરીયાઓની
(૨) અનુ.જાતિની
(૩) અનુ.જનજાતિની
(૪) અન્ય પછાત વર્ગોની / આર્થિક પછાત વર્ગોની
(૫) અન્ય વર્ગોની

**<u>(બ) વ્યકિતગત</u>**
(૧) અગરીયાઓની
(૨) અનુ.જાતિની
(૩) અનુ.જનજાતિની
(૪) અન્ય પછાત વર્ગોની / આર્થિક પછાત વર્ગોની

**<u>(ક) અન્ય કંપની / પેઢી</u>**

૭. નિકાલની સમય મર્યાદા :

| | |
|---|---|
| કલેકટરકક્ષાએ | ૨૦ દિવસ |
| પ્રાંત કક્ષાએ | ૧૫ દિવસ |
| મામલતદાર કક્ષાએ | ૨૫ દિવસ |
| સર્કલ / ગ્રામ્ય કક્ષાએ | <u>૬૦</u> દિવસ |
| કુલ.... | ૧૨૦ દિવસ |

**<u>અરજી સાથે સામેલ કરવાના દસ્તાવેજોની યાદી:</u>**

૧. મંડળીના સભ્યોની વિગત દર્શાવતું પત્રક (પરિશિષ્ટ–૨/૧૪ મુજબ)
૨. અરજદારનું કબુલાતનામું (પરિશિષ્ટ–૩/૧૪ મુજબ)
૩. પ્રોસેસ ફીનું ચલન
૪. માંગણીવાળી જમીનના ગા.ન.નં.૭/૧૨ ની પ્રમાણિત નકલો (દશ સેટમાં)

૫. માંગણીવાળી જગ્યાનો નકશો (દશ સેટમાં)
૬. મંડળી/પેઢીના કિસ્સામાં નોંધણી પ્રમાણપત્ર
૭. સહકારી મંડળીના કિસ્સામાં બંધારણ તથા પેટા નિયમોની નકલ.
૮. આવક વેરા અંગે કાયમી ખાતા નંબરનો આધાર (પાન નંબર)
૯. છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ હિસાબો
૧૦. છેલ્લા ત્રણ વર્ષનું બેંક ખાતાનું શાખ પત્રક
૧૧. અરજદારનો અનુભવ/પ્રવૃત્તિની વિગતો
૧૨. મીઠા ઉધોગ માટેનો સૂચિત પ્રોજેક્ટ રીપોર્ટ.

બારકોડ
સ્ટીકર

# પરિશિષ્ટઃ– ૧/૧૪
# મીઠા ઉધોગ માટે ભાડાપટ્ટે જમીન મેળવવાનું અરજી ફોર્મ

અરજદારનું નામઃ.......................
સરનામુઃ..............................
..............................
તારીખઃ...............................

કોર્ટ ફી સ્ટેમ્પ
રૂા.૩/–

પ્રતિ,
કલેકટરશ્રી,
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી,
......................
.......................

**વિષય :– મીઠા ઉધોગ માટે ભાડાપટ્ટે જમીન આપવા બાબત**

મોજે............ તાલુકો........... જિલ્લો......... સર્વે/બ્લોક નંબર .............

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, અમારે મીઠા ઉત્પાદન સારૂ સરકારી પડતર જમીનની જરૂરીયાત છે. જેની વિગતો નીચે મુજબ છે.

૧. અરજદારનું નામ :

૨. પુરેપુરૂ સરનામું :

૩. (ક) સહકારી મંડળી હોય તો તેના નોધણી નંબર અને તારીખ

(ખ) ૧. ખાનગી કંપની હોય તો ૧૯૩૨ ના ભારતીય ભાગીદારી અધિનિયમ હેઠળ તેના નોંધણી નંબર અને તારીખ
૨. મોટા ભાગના ભાગીદારોની બાબતમાં પુરા સરનામાં સાથે

(ગ) ૧. લીમીટેડ કંપની હોય તો તેના નોંધણી નંબર અને તારીખ
૨. કોઈ મેનેજીંગ એજન્ટ હોય તો તેનું નામ અને સરનામું
૩. ડિરેકટરોના નામ અને સરનામાં

(ઘ) કોઈ ભાગીદારનું મીઠાના કારખાનામાં કોઈ હીત છે કે કેમ અને હોય તો તેની વિગતો આપો.

૪. જરૂરી વિસ્તારનું વર્ણન

(ક) જમીનની વિગતો : ગામનું નામ તાલુકાનું નામ સર્વે નંબર ક્ષેત્રફળ(એ.ગું.)

**<u>વિસ્તારનું વર્ણન :</u>**

ઉપરોકત વિસ્તાર મળે તેમ ન હોય તો વૈકલ્પિક પ્લોટ.

(ખ) જમીનની વિગતો : ગામનું નામ તાલુકાનું નામ સર્વે નંબર ક્ષેત્રફળ(એ.ગં.)

**<u>વિસ્તારનું વર્ણન :</u>**

**<u>નોંધ:</u>** જે વિસ્તારો માટે અરજી કરી હોય તે સ્થળના નકશાઓની ૩ નકલો આ ફોર્મ સાથે જોડવી. મીઠાના સુચિત કારખાનાથી સૌથી નજીકનું ગામ, રેલ્વે સ્ટેશન, કે બંદર, મીઠાના હાલનાં કારખાનાથી સુચિત કારખાનાનું અંતર, ઉત્પાદન વગેરે, નકશાઓમાં વિગતવાર દર્શાવો.

૫. જમીનનો કબજો સોંપવામાં આવ્યા પછી મીઠાનું ઉત્પાદન શરૂ કરવામાં કેટલો સમય લાગશે ?

૬. પહેલી મોસમના અંતે :
બીજી મોસમના અંતે :
ત્રીજી મોસમના અંતે :
તે પછી પ્રત્યેક મોસમ પછીઃ

**નોંધ :** જમીન સોંપ્યાની તારીખથી બે વર્ષમાં મીઠાનું ઉત્પાદન કરવાનું જરૂરી બનશે. બે વર્ષના અંત સુધીમાં અને ત્યાર પછી દર વર્ષે ઉત્પાદન કરવાના મીઠાનો લઘુત્તમ જથ્થો સરકાર નિયત કરશે. સરકારે નક્કી કરેલા આવા લઘુત્તમ જથ્થાનું ઉત્પાદન નહી કરવામાં આવે તો આવા જથ્થા પર રોયલ્ટી ચુકવવાની રહેશે. ઉપર ખાતરી આપેલ લઘુત્તમ ઉત્પાદન મેળવવા માટે સરકાર નક્કી કરેલ એટલી જમીન અનામત પણ મુકવાની રહેશે.

૭. આ સાહસમાં રોકવાની કુલ રકમ :
(ક) અંગત રોકાણ :
(ખ) શેરમાં રોકાણ :
(ગ) અન્ય રોકાણ :

**૮. અનુભવની વિગતો :–**

(ક) જાત અનુભવ હોય તો,
(ખ) મીઠાના રસાયણશાસ્ત્રી કે ઈજનેરને રોકવાની દરખાસ્ત છે ? હોય તો તેનું

(૧) નામ :
(૨) લાયકાત :
(૩) જેટલો સમય માટે નીમવાના હોય તે સમય :
(૪) બીજી કોઈ માહિતી :

**૯. માગવામાં આવેલ જમીનની ચકાસણી કરવામાં આવી છે ?**

(ક) ખારા પાણીનું પ્રમાણ :
(ખ) જમીન સમતલ છે કે કેમ? :
(ગ) મીઠાના ઉત્પાદનમાં જમીન અનુકુળ છે કે કેમ ? :
(ઘ) ચેર (CHERS) છે કે કેમ ? :
(ચ) ખાડી છે ? હોય તો :
(૧) તેની ઊંડાઈ દર્શાવો :
(૨) ચોવીસ કલાક પાણી રહે છે કે કેમ? :
(૩) પાણીની ઊંડાઈ :
(૪) ભરતી વખતે પાણીની ઊંડાઈ :

૧૦. (ક) મીઠાના સુચિત કારખાનામાં કેટલાં મજુરોને રોજગારી : આપવામાં આવશે? :
(ખ) એ નજીકના ગામોમાંથી મળી શકશે કે કેમ ? :
(ગ) એમને બીજા કોઈ સ્થળેથી લાવવામાં આવશે કે કેમ? : લાવવાના હોય તો એ સ્થળોના નામ આપો.

૧૧. (ક) મજુરોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવશે કે કેમ? : (તેમ હોય તો પાણી કેવી રીતે પુરૂ પાડવામાં આવશે. અને પાણી જે સ્થળેથી લાવવાનું છે તેનું અંતર દર્શાવો)
(ખ) મજુરોને રહેવા માટે કાંઈ વ્યવસ્થા વિચારવામાં આવી છે? : (વિગતો આપો)
(ગ) મજુરોને તબીબી રાહત માટે કાંઈ વ્યવસ્થા વિચારવામાં : આવી છે ? (વિગતો આપો)
(ઘ) મજુરોના બાળકોના શિક્ષણ માટે શું વ્યવસ્થા વિચારવામાં : આવી છે?
(ચ) મજુરોને બીજી કોઈ સવલતો આપવા વિચારાયું છે તે દર્શાવો. :

૧૨. **દરીયાઈ માર્ગે રવાનગી:**

(ક) મીઠાની દરીયાઈ માર્ગે નિકાસ કરવા વિચારાયું છે? :

(ખ) તમારો પોતાનો ધક્કો રાખવા વિચારાયું છે? ધક્કા :
માટે જરૂરી વિસ્તાર દર્શાવો.
(વિસ્તારના નકશાની ત્રણ નકલો જોડવી.)

(ગ) ધક્કો રાખવા ન વિચારાયું હોય તો ઉત્પન્ન થયેલ :
મીઠાની નિકાસ કઈ રીતે કરવા વિચાર્યુ છે?

(ઘ) ત્યાં ધક્કો હોય તો તમારા મીઠાના કારખાનાથી :
તેનું અંતર જણાવો.

૧૩. **રેલ્વે માર્ગે રવાનગી:**

(ક) રેલ્વે માર્ગે મીઠાની નિકાસ કરવાનું વિચારાયું છે? :

(ખ) મીઠાના કારખાના માટે રેલ્વે સ્ટેશનનું નામ અને મીઠાના કારખાનાથી :
સૌથી નજીકના રેલ્વે સ્ટેશનનું નામ અને મીઠાના કારખાનાથી તેનું અંતર
દર્શાવો.

(ગ) મીઠાના કારખાના માટે રેલ્વે સાઈડીંગ હોવું જરૂરી છે? :
જરૂરી હોય તો સાઈડીંગની લંબાઈ દર્શાવો. :

તમારૂ પોતાનું સાઈડીંગ રાખવા વિચાર્યુ છે? :
વિચાર્યુ હોય તો તેની વિગત દર્શાવો. :

(ઘ) રેલ્વે સાઈડીંગ વિના ચલાવી શકાય એમ છે? :

(ચ) રેલ્વે સ્ટેશન સુધી મીઠું મોકલવા માટે શું વ્યવસ્થા વિચારાઈ છે? :

(છ) તેના માટે કેટલું ખર્ચ થશે? :

૧૪. **ફકત સહકારી મંડળીઓ માટેઃ–**

(ક) મંડળીની શેર મુડી :

(ખ) કુલ સભ્યો :
(૧) અગરીયા :
(૨) વેપારીઓ :
(૩) અન્ય :

(ગ) શેર મુડી કઈ રીતે વહેંચાયેલી છે? :
(૧) અગરીયા :
(૨) વેપારીઓ :
(૩) અન્ય :

(ઘ) મીઠાના કેટલા અગર તૈયાર કરવા વિચારાયું છે? :

(ચ) દરેક અગર પર કેટલા અગરીયા સભ્યો કામ કરશે? :

(છ) અગરનો વિસ્તાર, કેટલો રહેશે, એકરમાં. ચો.ફુટમાં :

(જ) (૧) આ સાહસમાં કેટલી રકમનું રોકાણ થશે? :
(૨) તે કઈ રીતે મેળવવામાં આવશે તે જણાવો. :
(તેમ હોય તો, તેના મીઠાના કારખાનાનું નામ અને

સુચિત મીઠાના કારખાનાથી તેનું અંતર દર્શાવો)
(૩) નજીકની જુની સહકારી મંડળીમાં જોડાવાને બદલે :
નવી સહકારી મંડળી રચવા માટેના કારણો આપો.

(ઝ) બીજી કોઈ માહિતી આપવાની હોય તો તે દશાવો. :

**નોંધ :** સહકારી મંડળીઓના પેટા નિયમોની નકલ આ ફોર્મ સાથે જોડવી.

૧૫. અનામતની ચુકવણીના ચલણ નંબર અને તારીખ દર્શાવો. :

**<u>નોંધ:</u>** સરકારી તિજોરીમાં ચુકવેલ અનામતનું મુળ ચલણ આ અરજી સાથે જોડવું. આ અનામત "એસ અનામતો અને પેશગીઓ મહેસુલી અનામતો" એ સદર હેઠળ જમા કરાવવી. અરજદાર પુરી મોસમનું ઉત્પાદન લઈ લે ત્યાર પછી અથવા સરકાર મીઠાના ઉત્પાદન માટે જમીન ભાડાપટ્ટે ન આપે તો અનામત પરત આપવાની રહેશે.

સરકારે મીઠાના ઉત્પાદન માટે જમીન ભાડાપટ્ટે આપી હોય અને તેનો સ્વીકાર કરવામાં કે કબજો લેવામાં ન આવ્યો હોય અથવા મીઠું પકવવામાં આવ્યું ન હોય તો સરકાર એ અનામત જપ્ત કરી શકશે. સહકારી મંડળી અરજી કરે ત્યારે તેણે આ અનામત મુકવાની નથી.

હું / અમે જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી માહિતી મારી / અમારી સંપુર્ણ જાણ મુજબ સાચી છે અને આ બાબતમાં સરકારના નિર્ણયનું પાલન કરવા કબુલ થાઉ છું. / થઈએ છીએ. હું / અમે જોડાણ–ક માં દર્શાવેલી બધી શરતોનું પાલન કરવા કબુલ થાઉ છું / થઈએ છીએ.

સ્થળ :
તારીખ : ..................................
અરજદારની સહી / નામ / સિકકો

**–:એકરાર:–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો / હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજૂ કરેલ હોવાનું ઘ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ : ...................................................
(અરજદારની સહી / નામ / સિકકો)

**<u>જોડાણઃ–ક</u>**

**<u>મીઠાના ઉત્પાદન માટે જમીન ભાડાપટ્ટે આપવા સારૂ સરકારે નકકી કરેલી શરતોઃ–</u>**

(૧) પટ્ટે લેનારે દર હેકટરે વાર્ષિક રૂા. ૩૦૦ (ત્રણસો) લેખે સરકારને જમીન ભાડું ચુકવવાનું રહેશે.

(ર) પટ્ટે લીધેલ વિસ્તારમાંથી મીઠું ખસેડવામાં આવે ત્યારે પટ્ટે લેનારે મેટ્રીક ટન મીઠા દીઠ વખતો વખત સરકાર નક્કી કરે તે પ્રમાણે રોયલ્ટી તથા લોકો ફંડ સેસ ભરવાના રહેશે.

(૩) મીઠાની ત્રીજી મોસમથી પટ્ટે લેનારે દર વર્ષે એકર દીઠ ઓછામાં ઓછું ર૦ ટન મીઠું પકવવાનું રહેશે આમ લેનારે ઉકત લઘુત્તમ ર૦ ટન પર એકર દીઠ વાર્ષિક રોયલ્ટી ચુકવવાની રહેશે.

(૪) પટ્ટે લેનારે તેને / તેમને પટ્ટે આપવામાં આવેલી બધી જમીનની બાબતમાં સરકાર પાછળથી નક્કી કરે એ સમાન દરે રોયલ્ટી અને / અથવા બીન ખેતી વિષયક આકાર ચુકવવાનું રહેશે.

(પ) પટ્ટે લેનારે પટ્ટે લીધેલ વિસ્તારમાં મીઠાનું ઉત્પાદન શરૂ કરતાં પહેલાં જયપુરનાં મીઠાના કમિશ્નર પાસેથી મીઠાના ઉત્પાદન માટે લાયસન્સ મેળવવાનું રહેશે. અને તે / તેઓ આમ નહી કરે તો પટ્ટે લેનારને કોઈપણ જાતનું વળતર ચુકવ્યા વિના સરકાર ભાડાપટ્ટે સમાપ્ત કરશે.

(૬) પટ્ટે લેનારે મીઠાના બાય–પ્રોડકટ ઉપર વખતો વખત સરકાર નક્કી કરે તે પ્રમાણે રોયલ્ટી સરકારને ચુકવવાની રહેશે.

## પરિશિષ્ટ :–૨/૧૪

## મીઠા ઉદ્યોગ માટે અરજદાર મંડળીના સભ્યોની વિગતોનુ વિગતોનું પત્રક

માંગણીદાર મંડળીનું નામ : ........................................................................

સરનામું :........................................................................................

માંગણીવાળી જમીનની વિગત

મોજે...................... તાલુકો.............................

સર્વે નં............................. ક્ષેત્રફળ ...........................

| અ.નં. | સભ્યનું નામ | સરનામું | ઉંમર | કુટુંબની સભ્ય સંખ્યા | વ્યવસાય | જાતિની વિગત | વાર્ષિક આવક | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૪ | | | | | | | | |
| ૫ | | | | | | | | |
| ૬ | | | | | | | | |
| ૭ | | | | | | | | |
| ૮ | | | | | | | | |

..................................................

મંડળીના ચેરમેનની સહી/નામ/સિકકો

## પરિશિષ્ટ :– ૩/૧૪
## અરજદારનો રૂબરૂ જવાબ

| અરજદારનો<br>પાસપોર્ટ<br>સાઈઝનો<br>ફોટોગ્રાફ |
|---|

આથી હું નીચે સહી કરનાર શ્રી............................................... ઉ.આ.વ. .................... ધંધો ................ રહેવાસી ................................... ............................................. આજ રોજ રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવું છું કે, અમોએ નીચે જણાવેલ વિગતેની જમીનની ...................................... માટેની માંગણી કરેલ છે. અમારી માંગણી મુજબની જમીન અમોને સરકારશ્રીના નિયમો મુજબ ભાડાપટ્ટે/ આપવામાં આવશે તો અમો તેમાં અરજીમાં જણાવેલ વિગત તૈયાર કરેલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ વ્યવસાય તુરત જ શરૂ કરીશું અને અમારા આ પ્રોજેકટ થી ગ્રામજનોને અંદાજીત .................... ઈસમોને રોજગારી આપીશુ.

૧. ગામનું નામ :
૨. સર્વે / બ્લોક નંબર :
૩. જમીનનું ક્ષેત્રફળ :
૪. જમીનનો સત્તાપ્રકાર :

અમોને ઉકત માંગણીવાળી જમીન ભાડાપટ્ટે આપવાનું સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવશે તો સરકારશ્રી દ્વારા જે કાંઈ શરતો / બોલીઓ નકકી કરવામાં આવશે તે તમામ શરતોનુ અમો પાલન કરીશું તેમજ જે કોઈ ભાડાની રકમ નક્કી કરવામાં આવશે તે નિયમિત અમો ભરપાઈ કરીશું. અમો આ પ્રોજેકટ શરૂ કરવા અંગે નીચે મુજબનું આયોજન કરેલ છે. તેમજ તે અંગેના ભંડોળ વિગેરે અમારી પાસે ઉપલબ્ધ છે. પ્રોજેકટ શરૂ કરવા અંગે કરવામાં આવેલ આયોજનની વિગત નીચે મુજબ છે.

ઉપર મુજબનો જવાબ મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરો છે. જે મેં વાંચી / સાંભળી સમજી વિચારી ને નીચે સહી / અગુંઠાનુ નિશાન કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકતની મને જાણ છે.

સ્થળ :
તારીખ :

...............................................
અરજદાર / કંપની / પેઢી / સંસ્થાના મુખ્ય
વહીવટકર્તાની સહી / નામ / સિકકો

મારી રૂબરૂ

...............................................
તલાટી કમ મંત્રીની સહી/ નામ / સિકકો

નોંધ : અરજદારનો ફોટો સંબંધિત તલાટી કમ મંત્રી / સર્કલ ઓફિસર દ્વારા અવશ્ય પ્રમાણિત કરવાનો રહેશે.

# મીઠા ઉદ્યોગના હેતુ માટે જમીનની માંગણી અંગે અરજી ચકાસવાનું ચેકલીસ્ટ.
## (૧) સર્કલ ઓફીસર (રેવન્યુ)એ ચકાસણી કરીને ભરવાનું ચેકલીસ્ટ

<table>
<tr><td>(૧)</td><td colspan="6">અરજી ચકાસણી માટે મળ્યા તારીખ</td><td colspan="2"></td></tr>
<tr><td>(૨)</td><td colspan="6">અરજદારનું નામ તથા સરનામું</td><td colspan="2"></td></tr>
<tr><td>(૩)</td><td colspan="6">જમીનની માંગણીનો હેતુ</td><td colspan="2"></td></tr>
<tr><td rowspan="3">(૪)</td><td colspan="8">માંગણીવાળી જમીનની વિગત</td></tr>
<tr><td>ગામ/ શહેર</td><td>તાલુકો</td><td>સરકારી/ ગૌચર</td><td>સર્વે નંબર/ બ્લોક નંબર/ સીટી સર્વે નંબર</td><td>જમીનનું કુલ ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.)</td><td>આકાર</td><td>માંગણીવાળી જમીનનું ક્ષેત્રફળ (હે.આ.ચો.મી.)</td><td>માંગણીવાળી જમીનની લંબાઈ × પહોળાઈ</td></tr>
<tr><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td><td></td></tr>
<tr><td>(૫)</td><td colspan="6">પ્રશ્નવાળી જમીન શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં આવે છે? વિગત લખવી.</td><td colspan="2"></td></tr>
<tr><td>(૬)</td><td colspan="6">ગામે ઉપલબ્ધ કુલ સરકારી જમીનનું ક્ષેત્રફળ<br>સરકારી પડતર :<br>ગૌચર :</td><td colspan="2">હે.આ.ચો.મી.</td></tr>
<tr><td>(૭)</td><td colspan="6">માંગણીવાળી જમીનની સ્થળસ્થિતિઃ સ્થળ નિરીક્ષણ કર્યા તારીખ સહીત<br>(૧) જમીનનો નકશો અને તેમાં માંગણીવાળી જમીનનો કલરથી નિર્દેશ કરેલ છે? (નકશો સામેલ કરી વર્ણન કરવું)<br>(૨) ચતુઃસીમા મુજબ જમીનની પરિસ્થિતિ<br>પુર્વે :<br>પશ્ચિમે :<br>ઉત્તરે :<br>દક્ષિણે :<br>(૩) માંગણીવાળી જમીન કયા સદરે ચાલે છે (વિગત દર્શાવવી)<br>અઃ સરકારી પડતર<br>બઃ ગૌચર<br>કઃ તળાવ સદર<br>(જો તળાવ સદરે હોય તો ૭/૧૨ મુજબ કે જાહેરનમાં મુજબ તે સ્પષ્ટ દર્શાવવું.)<br>(૪) માંગણીવાળી જમીન કયા ઝોનમાં આવેલ છે? (ઝોનનો પ્રકાર લખવો)<br>(૫) જમીન સ્થળે ખુલ્લી છે કે દબાણ હેઠળ? દબાણ હોય તો દબાણનો પ્રકાર તથા વિસ્તારનું વિવરણ<br>(૬) જમીનમાં ............ વૃક્ષો આવેલ છે/ નથી. તેની માલિકી અને કિંમત અંગેની વિગત</td><td colspan="2"></td></tr>
</table>

| | | |
|---|---|---|
| | (૭) જમીનમાંથી ટેલીફોન લાઈન પસાર થતી નથી/ .............. મીટરના અંતરે પસાર થાય છે.<br>(૮) જમીન નજીક સ્મશાન આવેલ નથી/ જમીનથી આશરે ......... મીટર જેટલું દૂર આવેલ છે.<br>(૯) જમીન નજીક રક્ષિત સ્મારક આવેલ છે/નથી.<br>(૧૦) જમીન નજીક વન વિસ્તાર આવેલ છે/નથી.<br>(૧૧) જમીનથી આશરે .......... મીટર દૂર .................નું તળાવ આવેલ છે/ જમનની નજીક તળાવ આવેલ નથી.<br>(૧૨) જમીન બંદર, એરપોર્ટ રેલ્વે કે સી.આર.ઝેડ. વિસ્તારની છે કે કેમ? | |
| (૭) | સવાલવાળી જમીનના ગામ નમુના નં.૭/૧૨, ૮–અ તથા સબંધીત હકકપત્રકની નોંધોની રેકર્ડ મુજબ ચકાસણી કરેલ છ? ચકાસણી બાદ કોઈ મુદ્દો ધ્યાને લાવવાપાત્ર જણાય તો તેની વિગત | |
| (૮) | અરજદાર પાસે સર્કલના સેજામાં સરકારી જમીન હોય તોતેની તથા તેના ઉપયોગની વિગત દર્શાવવી. | |
| (૯) | સવાલવાળી જમીનની સ્થળ સ્થિતિનું પંચનામુ સામેલ છે? | |
| (૧૦) | માંગણીવાળી જમીન સરકારી કામે નીમ કે અનય સાર્વજનિક કામે અનામત રાખી હોય તો નીમ/અનામત રાખવાનો<br>(૧) હેતુ<br>(૨)હુકમ નંબર<br>(૩) તારીખ | |
| (૧૧) | અરજદારનો રૂબરૂ જવાબ લેવામાં આવેલ છે? સામેલ કરવો. | |
| (૧૨) | માંગણીવાળી જમીનના વપરાશી હકક (દા.ત. ગેસ/પાણીની પાઈપ લાઈન વગેરે અપાયેલ છે કે કેમ? તેની ચોકસાઈ કરવી. | |
| (૧૩) | આ જમીન અંગે અન્ય કોઈની માંગણી છે? | |
| (૧૪) | અન્ય વિગતો | |

સ્થળ :

તારીખ : સર્કલ ઓફીસર / મેઈન્ટનન્સ સર્વેયરનું નામ તથા સહી/સિકકો

## (૨) મામલતદારશ્રીએ ચકાસણી કરીને ભરવાનું ચેકલીસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | સર્કલ ઓફીસર તરફથી પ્રકરણ મળ્યા તારીખ | |
| ૨. | સર્કલ ઓફીસરે ભરેલ ચેકલીસ્ટની રેકર્ડ સાથે ચકાસણી કરેલ છે? | |
| ૩. | માંગણીવાળી જમીનની સ્થળ તપાસ કર્યા તારીખ અને અહેવાલ. | |
| ૪. | માંગણીવાળી જમીનમાં દબાણ છે કે ખુલ્લી? | |
| ૫. | આ જમીન માટે કોઈ કોર્ટ કેસ ચાલુ છે કે કેમ? જો હા તો વિગત આપવી. | |
| ૬. | આ જમીન માટે અન્ય કોઈની માંગણી છે કે કેમ? | |
| ૭. | માંગણીવાળી જમીન અગાઉ કોઈને અપાયેલ હોય તો તેમાં શરતભંગ થયો હોય તો તે અંગે કરેલ કાર્યવાહીની વિગત | |
| ૮. | માંગણીવાળી જમીન આપી શકાય તેમ છે કે કેમ? તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય | |
| ૯. | ભાડાપટ્ટો રીન્યુ કરવાનો હોય તો અગાઉનું ભાડુ લ્હેણું છે કે કેમ? | |
| ૧૦. | અન્ય વિગત | |

સ્થળ :
તારીખ : મામલતદારશ્રીનું નામ તથા સહી / સિકકો

## (૩) પ્રાંત અધિકારીશ્રીએ ચકાસણી કરીને ભરવાનું ચેકલીસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | મામલતદાર તરફથી પ્રકરણ મળ્યા તારીખ | |
| ૨. | સર્કલ ઓફીસર તથા મામલતદારના ઉકત મુદ્દાઓ પરત્વે ચકાસણી કરતાં દરખાસ્ત સાથે સંમત છો? | |
| ૩. | ચકાસણી કરીને જમીન આપવા અંગેનો સ્પષ્ટ અભિપ્રાય | |
| ૪. | વિશેષ નોંધ | |

સ્થળ :
તારીખ : પ્રાંત અધિકારીશ્રીનું નામ તથા સહી / સિકકો

## (૪) કલેકટર કચેરીએ ચકાસણી કરવાના મુદ્દા

| | | |
|---|---|---|
| ૧. | મામલતદાર/નાયબ કલેકટર તરફથી પ્રકરણ મળ્યા તારીખ | |
| ૨. | મામલતદાર/ નાયબ કલેકટર તરફથી મળેલ દરખાસ્ત પરત્વે નીચેના મુદ્દાઓની ચકાસણી કરવી. | |
| | (૧) માંગણીવાળી જમીન માટે અન્ય કોઈની માંગણી છે કે કેમ? | |
| | (૨) માંગણીવાળી જમીનમાં દબાણની વિગત | |
| | (૩) જમીન બિનવિવાદી હોવા અંગેની વિગત | |
| | (૪) દરખાસ્ત સરકારશ્રીની નીતિ સાથે સુસંગત છે? | |
| ૩. | ઉપરના મુદ્દાની ચકાસણી બાદ કલેકટરશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય સાથે દરખાસ્ત સરકારશ્રીમાં મોકલવી. | |

કલેકટરશ્રીનું નામ અને સહી